Seat No. : _______________

# MC-110

**March-2022**

**B.A., Sem.-I**

**CC-101 : Gujarati**

(કુંવરબાઈનું મામેરું – પ્રેમાનંદ)

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**સૂચના :** વિભાગ – Iમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો.

### વિભાગ – I

1. આખ્યાનનું સાહિત્ય સ્વરૂપ લક્ષણો સહિત વિગતે લખો. **14**

2. 'કુંવરબાઈનું મામેરું' – ને કેન્દ્રમાં રાખીને પ્રેમાનંદને આખ્યાનકાર તરીકે મૂલવો. **14**

3. કવિ પ્રેમાનંદના જીવન અને સાહિત્યસર્જન વિશે વિગતે લખો. **14**

4. આખ્યાન સાહિત્ય સ્વરૂપનો ઉદ્‌ભવ જણાવી, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તેનો વિકાસ વિગતે લખો. **14**

5. ટૂંકનોંધ લખો : **14**

   (1) 'કુંવરબાઈનું મામેરું' – માં સમાજદર્શન

   (2) નરસિંહ મહેતાનું પાત્રાલેખન

6. ટૂંકનોંધ લખો : **14**

   (1) 'કુંવરબાઈનું મામેરું' – માં આવતા ચમત્કારો

   (2) કુંવરબાઈનું પાત્રાલેખન

7. નીચેના શબ્દોની જોડણી સાચી લખો : **14**

અર્વાચીન, પ્રતિતિ, પારીતોષિક, પ્રતીનીધિ, હુબહુ, જીંદગિ, પૂજાવિધી, ગીરફતાર, ખિસાકાતરુ, નીરીક્ષણ, લીપી, તીથી, ભીખારિ, વીનતિ

8. સૂચના પ્રમાણે જવાબ આપો : **14**

(1) નીચેના શબ્દોના પર્યાયવાચી શબ્દો આપો :

ચંદ્ર, રાત્રિ, જંગલ, સ્વચ્છ, જળ, સ્ત્રી, પાણિ

(2) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ આપો :

ઉદ્‌ઘાટન, શુક્લપક્ષ, વિદ્વતભોગ્ય, વાચાળ, વ્યય, દૂધભાઈ, કંકોત્રી

## વિભાગ – II

## (આ વિભાગ ફરજિયાત છે.)

9. નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાંથી કોઈપણ **8 (આઠ)**ના યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો : **8**

(1) નીચેનામાંથી કઈ વિગત પ્રેમાનંદના જીવન સાથે બંધબેસતી નથી ?

(a) વતન – વડોદરા (b) વ્યવસાય – માણભટ્ટ

(c) પિતા – કૃષ્ણદાસ (d) વિશેષ પ્રદાન – પદ્યવાર્તા

(2) પ્રેમાનંદે કઈ ભાષાના ઉત્કર્ષ માટે પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા લીધી ?

(a) ગુજરાતી ભાષા (b) હિન્દી ભાષા

(c) વ્રજ ભાષા (d) મરાઠી ભાષા

(3) 'કહ્યું કથે તે શાનો કવિ ?' – એવું પ્રેમાનંદ માટે કયા કવિએ કીધું ?

(a) નરસિંહ મહેતા (b) મીરાંબાઈ

(c) શામળ (d) દયારામ

(4) નીચેનામાંથી કયું આખ્યાન 'મહાભારત'ની કથાવસ્તુ ઉપર આધારિત આખ્યાન છે ?

(a) 'હૂંડી' (b) 'નળાખ્યાન'

(c) 'રણયજ્ઞ' (d) 'સુદામાચરિત'

(5) નીચેનામાંથી કયા સર્જકે આખ્યાન લખ્યાં નથી ?

(a) મીરાંબાઈ (b) વિષ્ણુદાસ

(c) ભાલણ (d) નાકર

(6) પ્રેમાનંદ કયા યુગના આખ્યાનકાર છે ?

(a) પ્રાગ નરસિંહ યુગ (b) મધ્યકાલીન યુગ

(c) સુધારક યુગ (d) પંડિતયુગ

(7) 'કુંવરબાઈનું મામેરું' કેટલાં કડવામાં લખાયું છે ?

(a) 10 (b) 12

(c) 14 (d) 16

(8) નીચેનામાંથી કયો શબ્દ 'સોનુ'નો પર્યાયવાચી શબ્દ છે ?

(a) હેમ (b) જનક

(c) ખલક (d) મનક

(9) 'ડાટ વાળ્યો રે, ડોશીએ ડાટ વાળ્યો રે' – આ પંક્તિ કોણ બોલે છે ?

(a) નરસિંહ મહેતા (b) મદન મહેતા

(c) કુંવરબાઈ (d) શ્રીરંગ મહેતા

(10) 'કુંવરબાઈનું મામેરું' – માં પહેરામણી પ્રસંગે કૃષ્ણ કયા સ્વરૂપે પધાર્યા હતા ?

(a) મહાદેવ (b) દામોદર દોશી

(c) ડુંગરજી દોશી (d) મોહિની દેવી

(11) નીચેનામાંથી કયો શબ્દ 'ખુશ્કી'નો વિરુદ્ધાર્થી છે ?

(a) મિતાહારી (b) કાલ્પનિક

(c) અનુગામી (d) તરી

(12) 'આખ્યાન સ્વરૂપના પિતા' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(a) પ્રેમાનંદ (b) ભાલણ

(c) વિષ્ણુદાસ (d) નાકર

(13) ‘દુઃખવેળા મને સંભારજે, હું ધાઈ આવીશ તત્કાળ’ - આ પંક્તિ કોણ બોલે છે, કોને કહે છે ?

(a) કૃષ્ણ-નરસિંહને (b) શિવ-નરસિંહને

(c) નરસિંહ-કુંવરબાઈને (d) આમાંથી એકેય નહીં

(14) નીચે વિરોધી શબ્દોના જોડકાં આપ્યાં છે, તેમાં કયું જોડકું ખોટું છે ?

(a) ભોગી × યોગી (b) શુક્લપક્ષ × કૃષ્ણપક્ષ

(c) વિષ × ઝેર (d) અનૌરસ × ઔરસ

(15) પ્રેમાનંદ કૃત ‘કુંવરબાઈનું મામેરું’ માં નીચેનામાંથી કયું પાત્ર આવતું નથી ?

(a) કુંવરબાઈ (b) નરસિંહ મહેતા

(c) ખોખલો પંડ્યો (d) અશોક મહેતા

(16) પ્રેમાનંદને હિન્દી છોડીને ગુજરાતી ભાષામાં કવિતા રચવાનું કોણે કીધું ?

(a) અખો (b) ગુરુ રામચરણ

(c) શામળ (d) દયારામ